

સમસ્ત ખરક જ્ઞાતિનું ઈ-માસિક પત્ર

# ખરક સમાજ દર્પણ

તંત્રી : આનંદ સેતા

કાર્યાલય : ૩૭, મહાલક્ષ્મી, વી.ટી.નગર, મહુવા - ૩૬૪ ૨૯૦.

E-mail : kharaksamajdarpan@gmail.com / Mo. 99254 87956

વર્ષ : ૧ ફેબ્રુઆરી - ૨૦૨૧ અંક : ૨ (પેઈજ : ૫)

## તંત્રી સ્થાનેથી



સુજ્ઞ જ્ઞાતિજનો

નમસ્કાર

આપ સૌએ 'ખરક સમાજ દર્પણ' ના પ્રથમ અંકને ઉમળકાભેર આવકાર્યો તેનો ખૂબ આનંદ છે. તમારો 'ફોન' તમારો 'મેસેજ' કે તમે મોકલેલ 'મેટર' મારો ઉત્સાહ વધારે છે. ગત મહિને આઠ વોટસએપ ગૃપ દ્વારા ૨૦૦૦ લોકો સુધી આપણું જ્ઞાતિપત્ર પહોંચ્યું છે. આ વખતે વધુ ચાર ગૃપ દ્વારા નવા ૧૦૦૦ જ્ઞાતિબંધુ જોડાશે. તેનો આનંદ છે.

'ખરક સમાજ દર્પણ' ના પ્લેટફોર્મ દ્વારા આપણે સમગ્ર જ્ઞાતિના સમાચારોને એક નાનકડા અંકમાં સમાવવા પ્રયત્નશીલ છીએ. આપ પણ તેમાં સહભાગી બની સારી વાતો તુરંત મારા સુધી પહોંચાડશો તો રાજી થઇશ. 'ખરક સમાજ દર્પણ' માં આ વખતે 'સાયબર સફર' વિભાગ દ્વારા તમારી આંગળીના ટેરવે - ખૂબ જ ઉપયોગી વાતો મૂકી છે. આશા છે કે નવો પ્રયોગ તમને પણ ગમશે.

બીજી વાત સફળતા, સુખ, જીવન, ઈશ્વર આ બધા અવ્યાખ્યેય શબ્દો છે. દરેક વ્યકિત તેના અલગ અલગ અર્થ કરે છે. પરંતુ એમર્સનની વાત મને ગમી છે જે તમને પણ ગમશે. સફળતા એટલે...

આનંદમય રહેવું,
બુદ્ધિમાન લોકોમાં માન પામવું, અને
બાળકોની ચાહના મેળવવી,
પ્રમાણિક ટીકાકારોની કદર પામવી, અને
ફટકિયા મિત્રોની બેઇમાની ગળી ખાવી,
સૌંદર્યની કદર કરવી,
અન્ય સૌમાંથી ઉત્તમોત્તમ મેળવવું,
અને પોતાની પાછળ
તંદુરસ્ત સંતાન કે સુંદર ફૂલક્યારી છોડતાં
જઇને યા સમાજ પ્રતિનું ઋણ વાળીને
અથવા તમારા થકી કોઇ એકાદ જણને યે
શાતા વળે એવું કંઇક કરતા જઇને
આ દુનિયાને અલ્પાંશે યે વધુ સારી બનાવતા જવું......
એ છે ખરી સફળતાની પ્રાપ્તિ.

**આનંદ સેતા**
(તંત્રીશ્રી, ખરક સમાજ દર્પણ, મહુવા)

## રાષ્ટ્ર વંદના



શ્રી મહુવા નાગરિક સહકારી બેંક - મહુવાના ઉપપ્રમુખ શ્રી તેજાભાઇ આર. સેંતા દ્વારા ૭૨માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે નાગરિક બેંક ખાતે ધ્વજવંદન કરાયું.

## સંદેશ



સુજ્ઞ જ્ઞાતિજનો
કોરોનાના રક્ષણ સામે રસી લેવી તે પણ સાચી રાષ્ટ્ર વંદના છે.

વિશ્વ આખું આજે કોરોના સામે લડી રહ્યું છે. ભારત પણ છેલ્લા દસ મહિનાથી કોરોના સામે લડત આપે છે. આ મહામારી સામે રક્ષણ મેળવવા, રોગને ફેલાતો અટકાવવા તથા મૃત્યુદર ઘટાડવા રસી લેવી આવશ્યક છે. કોરોના સામે રક્ષણ મેળવવા રસીનો ફૂલ ડોઝ લેવો જરૂરી છે. કુલ બે ડોઝ ૨૮ દિવસના અંતરે લેવાના હોય છે. બીજો ડોઝ લીધા પછી ૧૪ દિવસે રોગ સામે રક્ષણ મળે છે. ૧૮ વરસથી નીચેના, સગર્ભા બહેનોએ તથા એલર્જીવાળાએ રસી ન મૂકાવવી.

ભારત સરકારે બે રસીને ટ્રાયલ પછી મંજુરી આપેલ છે. કોરોના રસી તમામ સંશોધનો અને પ્રક્રિયા મુજબ બનાવેલ છે. તમામ કેસનો અભ્યાસ કરી મંજુરી આપવામાં આવે છે. ગુજરાતમાં સીરમ ઇન્સ્ટીટ્યુટની 'કોવિશિલ્ડ' ફાળવવામાં આવેલ છે જે સંપૂર્ણ સુરક્ષિત છે. કોઇ અફવા કે ભ્રમથી સાવચેત રહેવું. રસી દરેકે મૂકાવવી જોઇએ.

ડૉ. એમ. આર. કામળિયા
(M.D. ગાયનેક)
પાર્થ મેટરનીટી અને નર્સીંગ હોમ - મહુવા

## જ્ઞાતિ 1 પ્રથમ



સમગ્ર ખરક જ્ઞાતિમાં કેળવણીના બીજ વાવનાર સ્વ. રામજીભાઇ ગણેશભાઇ કોરડિયા (૧૯૨૭-૨૦૦૬) જ્ઞાતિમાં ઇન્ટર (એચ.એસ.સી) પાસ થનાર પ્રથમ વ્યકિત છે.

## જ્ઞાતિ ગૌરવ



મુળ થોરાળીના અને હાલ ભાવનગર ખાતે ડોગસ્કોડ તરીકે કામગીરી કરતા હે.કો. શ્રી રાણાભાઇ નારણભાઇ ખીમાણીને દાહોદ ખાતે યોજાયેલ રાજયકક્ષાના પ્રજાસત્તાક પર્વમાં 'બેસ્ટ ઓફ ટીમવર્ક' તરીકે રાજયકક્ષાનું સન્માન અપાયું અને મહામહિમ ગર્વનરના વરદ હસ્તે ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યો. જ્ઞાતિ માટે આ ગૌરવપૂર્ણ ઘટના છે.

## ધર્મ વંદના



નિધિ એકત્રીકરણ સમર્પણ અભિયાન અંતર્ગત શ્રી રામજન્મભૂમિ તીર્થક્ષેત્ર માટે આપણી જ્ઞાતિ ઉદારતાપૂર્વક પોતાનો સહયોગ આપી રહી છે જેમાં

| | |
|---|---|
| ૯૯૦૦૦/- | વિઠ્ઠલભાઇ પી. કોરડિયા (મહારાજા ડિહાઇડ્રેશન - મહુવા) |
| ૭૫૦૦૦/- | કનુભાઇ કાપડિયા (નિલકંઠ ઓઇલ મીલ - મહુવા) |
| ૫૪૦૦૦/- | અશોકભાઇ સેંતા (હનુમંત કોલ્ડ સ્ટોરેજ - મહુવા) |
| ૩૩૩૦૦/- | નારણભાઇ સેંતા/નિલેશ વળીયા (શ્રીજી ડિહાઇડ્રેશન - મહુવા) |
| ૩૩૩૦૦/- | અશોકભાઇ સેંતા (શ્રીજી પ્રોટીન - મહુવા) |
| ૩૩૩૦૦/- | તુષારભાઇ એમ. સેંતા (શ્રીજી નટ બટર - મહુવા) |
| ૩૧૦૦૦/- | ધુસાભાઇ પટેલિયા (કોહિનુર ફુડઝ - મહુવા) |
| ૨૧૦૦૦/- | વરૂણભાઇ વળિયા (રામ ફુડઝ - મહુવા) |
| ૨૧૦૦૦/- | જગદીશભાઇ કોરડિયા (કીર્તિ ફુડઝ - મહુવા) |
| ૨૧૦૦૦/- | નાનજીભાઇ કેશવભાઇ ભુત વિગેરે (જર્મન ફુડઝ - મહુવા) |

## ચિંતન



### ઘર : એક મંદિર

માનવીએ સામાજીક પ્રાણી છે. કુટુંબ તથા સમાજમાં રહીને પોતાની પ્રગતિ સાધે છે. કમનસીબે આજનો યુગ અર્થપ્રધાન બનતો જાય છે. અને માનવી ભૌતિક સિધ્ધિઓ પામવા બેબાકળો બન્યો છે. વધુને વધુ મેળવવાના મોહમાં તે આધિ, વ્યાધિ અને ઉપાધિ વ્હોરતો થયો છે. પરિણામે તે કુટુંબ જીવનનો આનંદ ગુમાવી બેઠો છે. વૈશ્વિક મહામારીએ પરિવાર જીવનનો અહેસાસ કરાવ્યો છે.

માણસને એક સ્વપ્ન હોય છે. મારે એક ઘરનું ઘર હોય. ખૂબ પ્રયત્ન કરી તે ઘર બનાવે છે. પરંતુ તે 'મકાન' ને ઘરમાં ફેરવવાનું તો ભૂલી જ જાય છે. ઘર એક મકાન છે પણ દરેક મકાન એ ઘર નથી પરંતુ તેને ઘર બનાવવા દરેકે પ્રયત્ન કરવા જોઇએ. Big House કરતા Happy Home હોય તે જરૂરી છે.

ઘર એટલે શું? એવું સ્થળ જયાં લાગણીથી જોડાયેલ પરિવાર રહેતો હોય, મોકળાશ સાથે માણસાઇ, સ્વચ્છતા સાથે સ્વતંત્રતા, Comfort સાથે Care, હવા સાથે હરખ અને ઉજાસ સાથે ઉલ્લાસ જોડાય ત્યારે વાતાવરણમાં દિવ્યતા અને પવિત્રતા આવે. ત્યારે જ મકાન ઘર બને છે. ઘરથી દૂર ભલે કોઇ ફાઇવ સ્ટાર હોટેલમાં પહોંચી જાય પણ મન તો 'ધરતીનો છેડો ઘર' તરફ જ ખેંચાય.

ઘરમાં પરિવાર ભાવના જરૂરી છે. જેમાં ઘરના દરેક સભ્યે આટલુ તો સમજવું જ જોઇએ મતભેદ હોઇ શકે મનભેદ નહી, જતું કરવાની ભાવના, બીજાનો વિચાર કરવાની વૃત્તિ, હું પણ ખોટો હોઇ શકું, પ્રતિભાવ આપીએ પણ પ્રતિક્રિયા નહી, વાતનું વતેસર ન કરીએ, અહંમ આપણા સંબંધોની હત્યા કરે છે તેનાથી અળગા રહીએ, બાળકો સાથે બાળક બનીએ, મા-બાપ કે પતિ-પત્નિ એ ગોડ ગીફ્ટ છે, તેનો આદર કરીએ. ક્ષમા માંગવામાં વાર ન લગાડીએ, ટીકા કે નિંદાથી આઘા રહીએ, વળી ઘરના દરેક સભ્ય અર્થ અને ચારિત્ર્યનું પાવિત્ર્ય જાળવે તે પાયાની બાબત છે. આ ભાવના ધરાવતું ઘર, ઘર ન રહેતા મંદિર બને છે.

આખો પરિવાર રોજ સાંજે સાથે બેસી ભગવાનને પ્રાર્થના (ઘરસભા) કરતો હોય અને મનના રાગ, દ્વેષ છોડી વડીલોને વંદન કરતો હોય ત્યાં ખુદ ભગવાન પણ આશિષ વરસાવતો હોય છે. ઘરને મંદિર બનાવવાનો સંકલ્પ કરીએ તો જીવન પણ આનંદમય બને.

- ડૉ. દિનેશ જી. કુચા (M.D. એને.)
(આલોક આઇ.સી.યુ. એન્ડ નર્સીંગ હોમ - મહુવા)

## કરલો દુનિયા મુઠ્ઠીમેં
(વિદેશ વસતા જ્ઞાતિબંધુઓ)




નામ : શૈલેષકુમાર દેવજીભાઇ સેંતા
પિતા : દેવજીભાઇ રાઘવભાઇ સેંતા
વતન : ભાદ્રોડ. જિ. ભાવનગર.
દેશ : જર્મની - અનુભવ : ૪ વર્ષ
અભ્યાસ : B.E. શાંતિલાલ શાહ એન્જી. કોલેજ ભાવનગર
M.Sc. રૂરલ યુનિ. બોચમ (જર્મની)
કામગીરી : લેઝર પ્રોસેસ રિસર્ચ એન્ડ ડેવલમેન્ટ
સંપર્ક : જર્મની : +૪૯ ૧૫૯૦૧૩૬૪૯૩૬
ભારત : ૯૯૭૮૫૨૬૯૩૦
કંપની એડ્રેસ : Maier Werkzeugmaschinnen GmbH & Co. KG SiemensstraBe 10 78564 Wehingen - Germany

## અભિનંદન



મહુવા નિવાસી દર્શન જેરામભાઇ વળિયા જાયન્ટસ ઇન્ટરનેશનલ ગૃપના જાયન્ટસ ગૃપ ઓફ મહુવાના પ્રમુખ તરીકે છેલ્લા ૨ વરસથી કામગીરી કરે છે. તેમના કાર્યકાળ દરમ્યાન સંસ્થાને ૬ એવોર્ડ પણ પ્રાપ્ત થયેલ છે. તે ગુજરાતના સૌથી નાની વયના પ્રમુખ છે. જાયન્ટસ ગૃપ દ્વારા મેડિકલ કેમ્પ, પશુ-પક્ષી સેવા કાર્ય, વૃક્ષારોપણ, જરૂરિયાતવાળા બાળકોને એજયુ. કીટ, ધાબળા વિતરણ જેવા કામો કરી જાયન્ટસ ગૃપ દર વર્ષે જાયન્ટસ વીકની ઉજવણી દરમિયાન અનેક સામાજીક કામો પણ કરે છે. દર્શનભાઇ મહુવાના IT એસોસીએશનના પ્રમુખ તરીકે પણ કામગીરી કરે છે.

## નિમણૂંક



ભાવનગર (થોરાળી) નિવાસી ખીમાણી વિઠ્ઠલભાઇ ભોજાભાઇ સંઘવી ટી.ઝેડ. હાઇસ્કૂલ - ટાણા (તા. શિહોર) માં ૨૮ વર્ષની શિક્ષક/આચાર્યની નોકરી પૂર્ણ કરી વય નિવૃત થતા તા. ૩/૧૨/૨૦૨૦ના રોજ ૧૦૦ વરસ જુની દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન - ભાવનગર સંસ્થાના નિયામક તરીકે નિમણૂંક પામેલ છે. જે સમગ્ર ખરક જ્ઞાતિ માટે ગૌરવપ્રદ ઘટના છે. મો. ૯૪૨૭૫૫૮૨૩૪

## અભિનંદન



સમસ્ત ખરક જ્ઞાતિના ઉપપ્રમુખ તથા મહુવા નગરપાલિકાના પૂર્વ ઉપપ્રમુખ અને લોકલાડિલા યુવા નેતા શૈલેષભાઇ એ. સેંતા તાજેતરમાં સમગ્ર મહુવા શરાફ સોની બજાર એસોસીએશનના પ્રમુખ તરીકે પસંદ કરવામાં આવ્યા. અભિનંદન.


## જ્ઞાતિ ગૌરવ



તાજેતરમાં શ્રી ભાવનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. (સર્વોત્તમ ડેરી) ની નિયામક મંડળની ચૂંટણીમાં મહુવા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળીના પ્રમુખ ગોમતીબહેન ભરતભાઇ કાપડિયા (મહુવા) ડાયરેકટર તરીકે બીનહરીફ ચૂંટાયા.

## આપણો વારસો અને વૈભવ

### ભરતકામ : બળદનો શણગાર



ખરક ખેડૂતો પોતાના બળદને ભરત ભરેલા 'કવર' વડે સજાવે છે. લગ્ન જેવા સામાજીક પ્રસંગોએ જેવા કે 'આણા' અને અન્ય તહેવારો પર તેના પર સજાવટ થાય છે. તેમાં પીઠ પર નાખવાના ઝૂલ (કવર), શીંગડાના કવર (શીંગડિયા અથવા તો ખોભળા) કપાળનું કવર (લેલાવટી), નાકનું કવર (નથ), કાનના કવર (કાનિયા), ગળાના કવર (જોતર) ઘોડાના ગરદન પરના કવર (ઘૂઘી) આ બધા શણગાર ખૂબ જ ચળકતા અને વિરોધી રંગોથી સુંદર લાગે છે. તેમાં પણ વોલ હેંગીઝ્ઝ જેવા પ્રાણી આકારો ભરાય છે.

ખાસ કરીને બળદના આવા શણગારમાં ચોરસ કપડાના ચાર ખૂણે પ્રાણી આકારો હોય છે. આવા ઝૂલમાં મધ્યમાં મોટુ ફૂલનું ભાતપ્રતિક ખાસ જોવા મળે છે. બીજા પ્રાણીઓના આવા શણગારમાં ચાર ખૂણે પ્રાણીને બદલે મોટા ફૂલની આકૃતિ હોય છે. ઝૂલની ચારેબાજુમાં ફૂલવેલની ભાત ભરાય છે. પાછળના કવરની બહારની બાજુએ બેવડી ટેકરીઓની અને વૃક્ષોની ભાત ભરાય છે. છેલ્લે દરજી મશીનની સીલાઇ દ્વારા કિનારીઓને વધારે સુશોભિત કરે છે.

આ ઝૂલનો સૌથી રસપ્રદ એવો ભાગ તેના ખૂંધ (હમ્પ) ના ટોપી જેવા આકારનું કવર છે. જે ચાને હૂંફાળી રાખવા બનતા 'ટી કોઝી' જેવો લાગે છે. જેમાં ચકલી, પોપટના ભાતપ્રતિકો અને ટોચ ઊપર ફૂમતુ શોભે છે. આ કવરમાં બહારની બાજુએ રેશમનું કપડું અને અંદર સુતરાઉ કાપડનું 'પેડીંગ' મુકાય છે. તેમાં ચળકતો લીલો રંગ હોય છે અને ફૂમતામાં તો અનેક રંગો હોય છે. સૌરાષ્ટ્રમાં રાજા જયારે યુદ્ધ માટે તૈયાર થાય, ત્યારે દેવચકલી આવીને ટહૂકે અને તેની તલવાર કે સૈનિકોના ભાલા પર બેસે તે ખૂબ જ શુભશુકન મનાતુ. જેને વિજયની વધામણી માનવામાં આવતી. કદાચ આવી માન્યતાને આધારે શીંગડિયાના અને ખૂંધના કવરના ભરતકામમાં ચકલીનું ભાતપ્રતીક ખરક લોકોમાં ખૂબ જોવા મળે છે. અન્યા જાતિઓમાં પણ આ માન્યતા પ્રચલિત છે.

તેવી જ રીતે શીંગડિયાની ઉપર પણ નાનકડી ચકલી કપડાની બનાવેલી લગાવાય છે. બળદના આવા પાછળના કવરની માફક જ કપાળના, નાકના અને ગળા પરના કવર સુંદર ભરતકામ વડે સજાવાય છે. કયારેક ઘોડા કે ઘોડી માટે ઘૂઘી (ગળાનું કવર) અડધા વર્તુળ કે આખા વર્તુળ આકારે ભરવામાં આવે છે. અમુક ચીજવસ્તુઓ જેવી કે રમત માટેના ચોપાટ (ચેસબોર્ડ), સાદા પ્રાણીઓ માટેના ઝૂલ અને દાણા ભરવાની કોથળી (વાવલીયા) વગેરે સીલાઇથી કટાબકામ (પેચવર્ક) કરી સજાવાય છે.

સૌજન્ય : ખરક જાતિ કલા સંસ્કૃતિ
(ગુજરાત કલા પ્રતિષ્ઠાન)

## સંસ્થા-દર્પણ

### શ્રી મહુવા ખરક જ્ઞાતિ વિદ્યાર્થી વિદ્યાવર્ધક સમિતિ - મહુવા



જ્ઞાતિ આગેવાનશ્રીઓના પ્રેમની મૂડી લઇ જ્ઞાતિની યુવા ટીમે વર્ષ - ૨૦૦૭માં 'શ્રી મહુવા ખરક જ્ઞાતિ વિદ્યાર્થી વિદ્યાવર્ધક સમિતિ - મહુવા' ની શુભ શરૂઆત કરી. પ્રથમ ઇનામ વિતરણ કાર્યક્રમ તા. ૧૮/૧૧/૨૦૦૭ના રોજ જ્ઞાતિની પાંખી હાજરીમાં યોજાયો. S.S.C., H.S.C. તથા કોલેજનું ફાઇનલ વર્ષ પાસ કરનાર સમગ્ર જ્ઞાતિમાં પ્રથમ ત્રણ ત્રણને ઇનામ પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. છેલ્લા ૧૩ વર્ષમાં સમિતિનો નાનકડો રોપ કારોબારીની ધીરજ અને નિઃસ્વાર્થભાવ ના વારિથી જ્ઞાતિના આગેવાનોના દાનના ખાતરથી અને અગ્રણીઓની હૂંફના રક્ષણથી આજે વિશાળ 'વટવૃક્ષ' બન્યું છે. જ્ઞાતિના 'તેજસ્વી તારલાઓ' માટે પ્રોત્સાહનનો શીતળ - છાંયડો બની પાંગરી રહ્યું છે.

જ્ઞાતિના બાળકોને અભિવ્યક્તિનું સ્ટેજ મળે તે માટે સમિતિના સભ્ય શ્રી શૈલેષભાઇ ખીમાણીએ ખૂબ પ્રયત્ન કર્યા અને સાદગી અને ભવ્યતાનો સમન્વય કરી દરેક વરસે જ્ઞાતિના વિદ્યાર્થી ભાઇ - બહેનો દ્વારા મજાનો સાંસ્કૃતિક કાર્યક્રમ આપ્યો. જે જ્ઞાતિ માટે ગૌરવની વાત છે. વળી આરંભ થી આજ સુધી નિમંત્રણ કાર્ડનું સૌજન્ય નરશીભાઇ ભોજાણી (બી એન્ડ બી એન્ટરપ્રાઇઝ) તરફથી મળતું રહ્યું છે તેનો સમિતિને આનંદ છે.



અત્યાર સુધીમાં ૪૫૦ થી વધુ વિદ્યાર્થી ભાઇ - બહેનોની પીઠ થાબડવાનો - સન્માનિત કરવાનો અવસર પ્રાપ્ત કરનાર શ્રી મહુવા ખરક જ્ઞાતિ વિદ્યાર્થી વિદ્યાવર્ધક સમિતિ - મહુવાને ૨૦૧૯થી મહુવા ખરક જ્ઞાતિના ધો. ૧ થી ૧૨ ના વિદ્યાર્થીઓને ઇનામ - પ્રમાણપત્ર આપવાનો અવસર પણ મળ્યો છે. દાતાશ્રીઓની ઉદારતા તથા મહેમાનશ્રીઓના વકતવ્યો અને સન્માન સમારોહ નિમિત્તે થતાં મજાના સ્નેહમિલનો - સૌનું આકર્ષણ બની જાય છે. હવે તો સન્માન સમારોહ ભરચક માહોલમાં યોજાય છે. તે આ યુવા ટીમની સફળતા બતાવે છે.

સમિતિએ આ સિવાય જ્ઞાતિજનો માટે આધાર કાર્ડ પ્રોજેક્ટ શરૂ કરેલ જેનો બહુ મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ લાભ લીધો. તો વળી વિદ્યાર્થીઓને રાહત દરે નોટબુકનું વિતરણ પણ વર્ષ - ૧૮/૧૯ દરમ્યાન કરેલ.

વિદ્યાર્થી વિદ્યાવર્ધક સમિતિની એક ખાસ વિશેષતા રહી છે કે તેમણે પ્રમુખ, ઉપપ્રમુખ કે મંત્રી જેવા હોદ્દાઓ રાખ્યા જ નથી નીચે દર્શાવેલ ટીમ કારોબારી સમિતિ છે જે ખભેખભા મિલાવી કામ કરે છે.

રમેશભાઇ એન. વાળાકી મો. ૯૪૨૯૨ ૩૧૭૧૧

| | |
|---|---|
| મુનેશભાઇ જે. કાપડિયા | મુકેશભાઇ જી. સેંતા |
| શૈલેષભાઇ બી. ખીમાણી | પરેશભાઇ એચ. કાપડિયા |
| ગૌતમભાઇ યુ. કોરડિયા | ડૉ. મુકેશ એ. સોલંકી |
| વિપુલભાઇ એન. સેંતા | કરશનભાઇ ઝેડ. વાળાકી |
| ઘનશ્યામભાઇ જે. કામળિયા | રાકેશભાઇ કે. પટેલિયા |

## શુભેચ્છા

પ્રતિશ્રી,
તંત્રીશ્રી, આનંદભાઇ સેતા
ખરક સમાજ દર્પણ - મહુવા



આપણી જ્ઞાતિ હવે માત્ર ભાવનગર જિલ્લા પૂરતી ન રહેતા ઊંચડી થી યુ.એસ. સુધી પહોંચી છે. સમગ્ર જ્ઞાતિને જ્ઞાતિના સમાચારો નિયમિત પહોંચાડવા 'જ્ઞાતિપત્ર' જ માધ્યમ છે. તેથી 'ખરક સમાજ દર્પણ' ડિજિટલ સ્વરૂપે અઢી હજાર લોકો સુધી પહોંચે તે ગૌરવપૂર્ણ ઘટના છે.

આશા રાખીએ કે આ કામમાં નિયમિતતા, ગુણવત્તા અને રચનાત્મક (પોઝિટીવ) અભિગમ જળવાઇ રહેશે. હૃદયપૂર્વકની શુભકામના.

ભરતભાઇ ઠંઠ
પ્રમુખ
સમસ્ત ખરક જ્ઞાતિ

## પ્રતિનિધિ ગામે ગામ



**વાળાકી રમેશભાઇ એન.**
(માળવાવવાળા) વસઇ (મુંબઇ)
ભૂમિ એન્ટરપ્રાઇઝ
મો. ૯૩૨૦૪૮૭૫૪૦



**કુચા રાજુભાઇ ઘુસાભાઇ**
પાદરગઢ
મો. ૯૭૧૪૫૩૨૮૭૪



**રમેશભાઇ પરશોત્તમભાઇ ટાઢા**
શ્રી વિવેકાનંદ ઓનલાઇન
કાળિયાબીડ (ભાવનગર)
મો. ૯૩૨૮૭૨૨૧૨૧



**મુકેશભાઇ એલ. પટેલિયા**
(ITSM) વિધાનસભા (B.J.P.)
બાપુનગર
મો. ૯૯૨૪૬૪૯૫૮૮



**હિતેશભાઇ મોહનભાઇ ખોડિફાડ**
કુંઢડા
મો. ૯૬૬૨૭૧૯૯૪૨



**પરશોત્તમભાઇ જાદવભાઇ ખોડિફાડ**
પીથલપુર
મો. ૯૭૨૬૨૩૭૭૮૮

## મૃત્યુ નોંધ

મહુવા : કાળાભાઇ રણછોડભાઇ કાપડિયા (૮૫) ૧૧/૧/૨૧
મહુવા : મનજીભાઇ બાબુભાઇ વાળાકી (૭૦) ૧૨/૧/૨૧
ભુંભલી : પુનીબહેન હરખાભાઇ ખીમાણી (૮૫) ૧૫/૧/૨૧
હમીરપરા : જમકુબેન દેવજીભાઇ ભોજાણી (૯૨) ૧૫/૧/૨૧
વાળુકડ : કલ્યાણભાઇ વાલાભાઇ પટેલિયા (૭૪) ૧૮/૧/૨૧
મોરંગી : મોહનભાઇ ભકાભાઇ પટેલિયા (૮૧) ૧૯/૧/૨૧
ધારડી : દવલબેન ભીખાભાઇ કામળિયા (૯૫) ૨૦/૧/૨૧
કુંભણ : વલ્લભભાઇ રણછોડભાઇ ભુત (૫૩) ૨૨/૧/૨૧
નૈપ : પ્રભાબહેન ભાવેશભાઇ વાળાકી (૩૩) ૨૨/૧/૨૧
મોરંગી : ગોદાવરીબેન લાખાભાઇ કાપડિયા (૯૫) ૨૩/૧/૨૧
ભુંભલી : કેશવભાઇ બાઘાભાઇ કંસારા (૮૦) ૨૩/૧/૨૧
તરેડ : ખીમજીભાઇ અરજણભાઇ સેંતા (૬૫) ૨૩/૧/૨૧
ધારડી : સેંતા મિલનભાઇ મગનભાઇ (૧૩) ૨૩/૧/૨૧
કુંભણ : સોનાબેન રવજીભાઇ પટેલિયા (૮૨) ૨૧/૧/૨૧
જસપરા : સેતા ભદાભાઇ માવજીભાઇ (૮૦) ૨૬/૧/૨૧
વાવડી : સમજુબેન કાળુભાઇ વળિયા (૮૫) ૨૮/૧/૨૧
દાઠા : નિધીબેન ભીમજીભાઇ સેંતા (૧૭) ૨૬/૧/૨૧
રાળગોન : વળિયા મંગુબેન ધનજીભાઇ (૮૫) 30/૧/૨૧
ઠળિયા : કોરડિયા શાંતુબેન ગફૂલભાઇ (૮૧) 30/૧/૨૧
દાઠા : ટાઢા વેલજીભાઇ સુખાભાઇ (૮૦) ૩૧/૧/૨૧
બોરડા : કુચા મેપાભાઇ ત્રિકમભાઇ (૯૧) ૩૧/૧/૨૧
પીથલપુર : ખોડિફાડ ડાહીબેન ખીમાભાઇ (૯૫) ૩૧/૧/૨૧
વાળુકડ : કાબા ધનજીભાઇ ઉકાભાઇ (૮૨) ૨/૨/૨૧

ટાઢા ભાવેશ
મો. ૯૫૧૦૩ ૮૯૮૮૮







# રાધેક્રિષ્ના

## મંડપ ડેકોરેશન એન્ડ લાઈટ ડેકોરેશન

ફુલ મંડપ, ફેબ્રીકેશન મંડપ, સ્ટેજ, મંડપ ડેકોરેશનને લગતી તમામ આઈટમ ભાડે મળશે.

**શિવમ્ ફલેટ, માસુમભાઈની વાડી, મહુવા.**



**શ્રી વિવેકાનંદ ઓનલાઇન**
શોપ.નં-૬, ગૌતમેશ્વર શોપીગ
ભગવતી ચોક, કાળીયાબીડ, ભાવનગર.
**9328742121**

**SBI ગ્રાહક સેવા કેન્દ્ર**
શોપ.નં-૧૩, શિવરંજન કોમ્પ્લેક્ષ, SBI બેંકની
બાજુમાં ભગવતી સર્કલ, કાળિયાબીડ.
**9328722121**



## શ્રી વિવેકાનંદ ઓનલાઈન

- ઓનલાઈન ફોર્મ
- પાસપોર્ટ
- ST બસ ટિકીટ બુકીંગ
- બુક સ્ટોલ
- કલર પ્રિન્ટ
- ટ્રાવેલ્સ ટિકીટ બુકીંગ
- બાઈન્ડીગ
- મોબાઈલ રિચાર્જ
- કુરીયર સર્વિસ
- સ્પાઈરલ
- ડિશ ટીવી રિચાર્જ
- લાઈટબીલ
- પાનકાર્ડ
- આધારકાર્ડ ડાઉનલોડ
- RTO ના ફોર્મ

## SBI ગ્રાહક સેવા કેન્દ્ર

- ATM કાર્ડથી રૂા. ૧૦૦૦૦ ઉપડે છે.
- આધારકાર્ડથી રૂા. ૧૦૦૦૦ ઉપાડ તથા જમાં
- ખાતા નંબરથી SBI માં રૂા. ૨૦૦૦૦ જમાં થશે( SBIથી કોઇ બીજી બ્રાંચમાં ટ્રાન્સફર પર ચાર્જ લાગશે.)
- રૂા. ૧૨ વાળો વિમો ૧ વર્ષ અકસ્માતે મૃત્યુ રૂા. ૨૦૦૦૦૦ મળવા પાત્ર.
- રૂા. ૩૩૦ વાળો વિમો ૧ વર્ષ કુદરતી મૃત્યુ રૂા. ૨૦૦૦૦૦ મળવા પાત્ર.
- રૂા. ૧૦૦૦ થી રૂા. ૫૦૦૦ સુધીનું અટલ પેન્શન યોજના
- RD ખાતુ ખોલાવી આપીશું

- LIC નો નવા વિમા માટે મળો.
- LIC પ્રિમીયમ ભરી આપીશું
- LIC પોલીસી ને લગતી તમામ સર્વિસ આપવામાં આવશે.
- SBI જનરલનો મેડિકલ વિમા માટે મળો.
- સ્ટાર હેલ્થના મેડિકલ વિમા માટે મળો.
- ટુ-વ્હિલરના વિમા માટે મળો. (થર્ડ પાર્ટી ફુલ)
- ફોર વ્હિલરના વિમા માટે મળો. (થર્ડ પાર્ટી તથા ફુલ)

**તત્કાલ મની ટ્રાન્સફર કરી આપીશું.**

- થર્ડપાર્ટ તથા ફુલ વિમા કરી આપીશં ( ટુવ્હિલ તેમજ ફોર વ્હિલર)
- કોમ્પ્યુટરના C.C.C કોર્ષ માટે મળો
- નવોદય ઓનલાઈન ફોર્મ ભરવા માટે મળો.

## સમાચાર દર્પણ




૭૨માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે રીયલ ફાઉન્ડેશન - મહુવાના પ્રમુખ વિજયભાઇ કાપડિયા દ્વારા NMMS ની સ્કોલરશીપ પરીક્ષાના પુસ્તકોનું ફ્રીમાં વિતરણ કરાયું.



ગુંદરણાના માજી સરપંચશ્રી ગોવિંદભાઇના પુત્ર નિલેશભાઇ કાપડિયા દ્વારા ગુંદરણાના જરૂરિયાતમંદ લોકોને ધાબળા, માસ્ક તથા સેનેટાઇઝરનું ફ્રીમાં વિતરણ કરાયું.



મહુવા પારેખ કોલેજ પાસેના ચોકમાં વિવેકાનંદ જયંતિ નિમિત્તે સ્વામિ વિવેકાનંદની પ્રતિમાનું અનાવરણ મહુવા શહેર ભાજપના ઉપપ્રમુખ ગફુલભાઇ ભુતની હાજરીમાં કરાયું.



સુરત મહાનગર પાલિકાએ સેન્ટ્રલ મેડિકલ સ્ટોરને તેમની શ્રેષ્ઠ કામગીરી માટે બીરદાવી છે. મોરચંદના મનજીભાઇ ગૌરાભાઇ કાપડિયાએ શ્રેષ્ઠ ફાર્માસીસ્ટ તરીકે ઉત્તમ કામગીરી કરી જ્ઞાતિનું ગૌરવ વધાર્યું છે.

## આવકાર



સમગ્ર જ્ઞાતિએ વાંચવા જેવું પુસ્તક 'પૂર્વજોની ગૌરવગાથા ખરક જ્ઞાતિ' લે. વાલજીભાઇ કામળિયા (રાણીવાડા) સંકલન : નાથાભાઇ વાયક (અમદાવાદ) સૌએ વસાવવા જેવું છે.

જેમાં આપણી જ્ઞાતિના ઇતિહાસને સરસ રીતે આલેખવામાં આવેલ છે. આ પુસ્તક મેળવવા નાથાભાઇ વાયક મો. ૯૪૨૬૭ ૫૮૯૬૫ પર સંપર્ક કરવો.

## અવસર – દર્પણ

શુભ ઉદ્‌ઘાટન : વાલાવાવવાળા વિપુલકુમાર તથા કમલેશભાઇ માધાભાઇ સેંતા દ્વારા

**સહેલી નોવેલ્ટી એન્ડ ગીફ્ટ આર્ટીકલ્સ**

નું મંગલ ઉદ્‌ઘાટન તા. ૨/૨/૨૦૨૧ના રોજ કરવામાં આવ્યું સરનામું : શોપ નં. ૧૧, પ્રેરણા શોપીંગ સેન્ટર, બાપા સીતારામ ચોક, નવા નરોડા, અમદાવાદ. ફોન નં. : ૯૮૨૪૭૨૪૪૪૦

શુભ ઉદ્‌ઘાટન : મુળ ઠળિયા નિવાસી હાલ સુરતના ડૉ. દિનેશભાઇ જેઠાભાઇ ટાઢા (પટેલ) (M.S. F.M.A.S) દ્વારા વુમન્સ કેર અને I.V.F. સેન્ટર

**ક્રિશિવ હોસ્પિટલ**

(પ્રસુતિ ગૃહ, સ્ત્રી રોગ, વ્યંધત્વ નિવારણ, લેપ્રોસ્કોપી, સોનોગ્રાફી)
નો શુભારંભ ગત ૨૪/૧૧/૨૦ના રોજ સુરત ખાતે કરવામાં આવ્યો.
સરનામું : ૧૦૧, પહેલો માળ, લા સીટાડેલ કોમ્પ્લેક્ષ, CNG પંપ સામે,
પરબત પાટિયા, સુરત. ફોન નં. ૭૦૧૬૭૧૬૧૧૫

શુભારંભ : મહુવા નિવાસી વિપુલભાઇ કે. ભુત (B.A. L.L.B.) એડવોકેટ સિવિલ અને ક્રિમીનલના લીગલ એડવાઇઝર છે. તેમણે તા. ૨૩/૬/૨૦થી રેવન્યુ કામગીરી તરીકે બીનખેતી, દસ્તાવેજ, વારસાઇ, સોગંદનામુ, સાટાખત, હક્ક દાખલ, કરાર વગેરે શરૂ કરેલ છે. ફોન નં. ૯૯૭૯૬૨૦૮૦૭ સંપર્ક : એફ/૨, પંડિત દિનદયાળ ઉપાધ્યાય કોમ્પલેક્ષ, વાસી તળાવ, મહુવા.

## શુભ વિવાહ

મહુવા નિવાસી શ્રી પરશોત્તમભાઇ વશરામભાઇ પટેલિયા તથા અ.સૌ. નિર્મળાબહેનના સુપુત્ર
**ચિ. ભાવિન** ના શુભ લગ્ન **ચિ. જયા**
મહુવા નિવાસી વલ્લભભાઇ નારણભાઇ કાપડિયા તથા અ.સૌ. શિવકુંવરબહેનની સુપુત્રી સાથે તા. ૨૧-૧-૨૦૨૧ના યોજાયા.

મહુવા નિવાસી મોહનભાઇ ઘુઘાભાઇ પટેલિયા તથા અ.સૌ. દવલબહેનના સુપુત્ર
**ચિ. હિરેનકુમાર** ના શુભ લગ્ન **ચિ. સવિતાગૌરી**
ઠળિયા નિવાસી સ્વ. નાનજીભાઇ હામાભાઇ ટાઢા તથા ગં. સ્વરૂપ લાડુબહેનની સુપુત્રી સાથે તા. ૭-૨-૨૦૨૧ના યોજાયા.

## શુભ વેવિશાળ

ભાદ્રોડ નિવાસી સેંતા રૂડાભાઇ ભાયાભાઇના સુપુત્ર
**ચિ. સંજય** નું શુભ વેવિશાળ **ચિ. કાજલ**
વાલાવાવ નિવાસી સવજીભાઇ બાલાભાઇ ભૂતની સુપુત્રી સાથે તા. ૨૮-૧-૨૦૨૧ના રોજ થયું.

આપના લેખો, સુચનો, અભિપ્રાય આળસ કર્યા વગર આજે જ તંત્રીશ્રી, આનંદ સેતા ફોન નં. ૯૯૨૫૪૮૭૯૫૬ ઉપર વોટસએપ દ્વારા મોકલી આપશો.

## સાયબર સફર

જ્ઞાતિ ગૌરવ : સ્વામિનારાયણ સંપ્રદાયના જાણીતા કથાકાર સાધુ શ્રી નિત્યસ્વરૂપ સ્વામીએ ઘરસભા (૨૯૩) માં તા. ૧૩/૧/૨૧ના રોજ ખરક જ્ઞાતિના ઇતિહાસની રસપ્રદ વાત કરી. જે જ્ઞાતિ માટે ગૌરવરૂપ ઘટના છે. લ્યો તમે પણ સાંભળો. જય સ્વામિનારાયણ

https://youtu.be/NRITUMpVcKQ

શિક્ષણ : હવે ધો. ૧૦ની પરીક્ષા આવે છે. તો ધો. ૯ તથા ૧૦ના ગણિત શિક્ષણ માટે ગણિત તજજ્ઞ શ્રી બી.એલ. સેંતાની magic math by senta sir નામની યુ-ટ્યુબ ચેનલ સાથે જોડાશો.

https://www.youtube.com/channel/UCUum9u4fdWpbP-mS6kFHo_w

શિક્ષણ : શિક્ષણ સાથે સંકળાયેલ દરેક વ્યક્તિએ એકવાર અવશ્ય જોવા જેવી હિન્દી ફિલ્મ 'મેડમ ગીતારાની' (૧૫૫ મીનિટ) અવશ્ય જૂઓ.

https://youtu.be/krCpn6RrNX8

મનોરંજન : માણસ બધું જ કરે છે પરંતુ જીવવાનું જ ચૂકી જાય છે. આસક્તિ અને વિરક્તિની વાત સમજાવતી શોર્ટ ફિલ્મ મુંબઇ વારાસણી એક્સપ્રેસ (૩૦ મિનીટ) દરેક વયસ્કે તો અવશ્ય જોવા જેવી છે.

https://youtu.be/N1R6Fyf5V6M

મોટિવેશન : સ્ટ્રેસ માણસને આત્મહત્યા તરફ દોરી જાય છે. આથી સ્ટ્રેસને પણ પોઝિટીવ લઇએ તો સ્ટ્રેસ આપોઆપ ચાલ્યો જશે... સાંભળો અને હળવાફૂલ બનો.

https://youtu.be/0mxEi9NIgbU

મેડિટેશન : 'વિપસ્યના' ની શરૂઆત 'આનાપાન' ધ્યાનથી થાય છે. ચાલો આપણે પણ ધ્યાન તરફ ધ્યાન આપી નિયમિત ૨૫ મિનિટ ધ્યાન કરીએ.

https://youtu.be/CgvJlQAeVJo

મહેફિલ : પૂ. મોરારીબાપુના સાંનિધ્યમાં ગવાયેલ ઓસમાન મીરની એક મસ્ત ગઝલ...

https://youtu.be/oinE2-_RxCE

મજા : અને હવે તમને ભાવ-સભર બનાવે તેવું મસ્ત ભાવગીત તમારી આંગળીના ટેરવે.

https://youtu.be/GDwc1PB-a2k